Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૪/ ૨૩૫૩

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા.૨૯/૦૨/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, અનુદાનિત, પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, તમામ
જિ - સુરત.

/- આ સાથે સામેલ તા.૨૮/૦૨/૨૦૨૪નાં પત્ર અન્વયે આપની કક્ષાએથી ચુસ્તપણે અમલ કરવા સારું..

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

NIPUN BHARAT
પાયાનીસાક્ષરતાઅનેઅંક

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટરશ્રીની કચેરી,
સમગ્ર શિક્ષા, શાળા ક્રમાંક – ૧૯/૨૦
ડચ ગાર્ડન રોડ,નાનપુરા,સુરત.
ફોન/ફેક્સ : (૦૨૬૧) ૨૫૬૪૮૧૮
ઈ મેઈલ : dpcsurat@gmail.com
હેલ્પલાઈન નં –૧૮૦૦ ૨૩૩ ૪૮૨૦

નં.જ.પ્રં.શિ.સ.સુરત/એસએસએ/સિવિલ/2024/૧૭૩૫૮ તા.:-૨૮/૦૨/૨૦૨૪

પ્રતિશ્રી,

તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી

તાલુકા- તમામ

જિ.સુરત

વિષય:- આગામી લોકસભા ચૂંટણીની પૂર્વ તૈયારીની સૂચનાઓ બાબત.

સંદર્ભ:- (૧) સેકશન અધિકારીશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય ગાંધીનગરનો ક્રમાંક નં.DPE/૦૭૦૪/૨૦૨૪ તા.૨૫/૦૧/૨૦૨૪ નો પત્ર

(૨) નાયબ શિક્ષણ નિયામકશ્રી,પ્રા.શિ.ગુ.રા., ગાંધીનગરનો ક્રમાંક પ્રા.શિ.નિ./સંકલન/૨૦૨૪ તા.૧૬/૦૨/૨૦૨૪ નો પત્ર

(૩) શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગરનો પત્રક્રમાંક નં.DPE/041/02/2024 તા.૨૨/૦૨/૨૦૨૪ નો પત્ર

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે આથી જણાવવાનું કે, નજીકનાં સમયમાં લોકસભાની ચૂંટણી યોજાનાર છે. માન મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીનાં તા.૧૯/૦૧/૨૦૨૪ નાં અર્ધ સરકારી પત્રક્રમાંક: પીએસટી/૧૦૨૦૨૩/૧૦૮/બિડાણ સહિત આ સાથે સામેલ રાખી સંદર્ભ (૧) થી પત્રમાં જણાવેલ સૂચનાઓ વિગતવાર ધ્યાને લઇ નિયમ અનુસારની કાર્યવાહી કરવા વિનંતી કરેલ છે. જે અન્વયે લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ નાંઅનુસંધાને રાજ્યમાં આવેલ તમામ મતદાન મથકો પૈકી શિક્ષણ વિભાગનાં હસ્તકનાં મતદાન મથકો ધરાવતા મકાનોમાં ખાતરી પૂર્વકની લઘુત્તમ સુવિધાઓ જેવી કે ૧.કાયમી ઢાળ રેમ્પ ૨.પીવાનું પાણી ૩.પૂરતું ફર્નિચર ૪.પૂરતો પ્રકાશ ઇલેક્ટ્રિકસીટીની વ્યવસ્થા ૫.ટોઇલેટ (પુરુષો/મહિલાઓમાટે જુદા જુદા ટોઇલેટ)ની વ્યવસ્થા વગેરે સારી સ્થિતિમાં હોય એ મુજબની વ્યવસ્થા વિગતવાર જણાવ્યાં મુજબ ફરજિયાત હોવી જરૂરી છે એ રીતે પૂરી પાડવાની રહે છે.

આથી આપનાં કાર્યક્ષેત્રમાં શિક્ષણ વિભાગનાં સરકારી/ખાનગી/માધ્યમિક/ઉ.માધ્યમિક શાળાઓનાં મતદાન મથકો ધરાવતાં મકાનોમાં ભારતનાં ચૂંટણી આયોગે સૂચવ્યાં મુજબની સુવિધાઓ ઊભી કરવાં અથવા હયાત સુવિધાઓમાં જરૂરી સુધારા-વધારા કરવા માટે લોકસભા મત વિભાગનાં ચૂંટણી અધિકારીશ્રી અથવા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીનાં પરામર્શમાં રહીને જરૂરી કાર્યવાહી થાય અને સત્વરે પૂર્ણ કરવામાં આવે અને અમલ કરાવવામાં એથી એ માટે સંબંધિત શાળાનાં આચાર્યશ્રીઓને સૂચના આપવાં વિનંતી.

સંદર્ભ (૩) થી આગામી લોકસભા ચૂંટણી ૨૦૨૪માં ઉપયોગમાં લેવાનાર મતદાન મથકોમાં હવે ફેરફારને કોઈ અવકાશ ન હોઈ આપના હસ્તકના કોઈ મકાન કે જ્યાં મતદાન મથક આવેલ હોઈ તેનું મકાન લોકસભાની ચૂંટણી યોજાઈ રહે ત્યાં સુધી તોડી પાડવામાં ન આવે તથા મરામતની કામગીરી ચાલુ હોઈ તો તે કામગીરી તા.૨૯/૦૨/૨૦૨૪ સુધીમાં અચૂક પૂર્ણ કરવા ત્યારબાદ મતદાન મથકો ધરાવતાં મકાનોમાં કોઈ ફેરફાર ન આવે તે સુનિશ્ચિત કરવા વિનંતી છે.

આ બાબતે મતદાન મથકો ધરાવતી તમામ શાળાઓમાં સંદર્ભમાં જણાવ્યાં મુજબ તપાસ કરી કામગીરી પૂર્ણ કરી રિપોર્ટ રજુ કરવાનો રહેશે. ભવિષ્યમાં આ બાબતે કોઈ પ્રશ્ન ઉપસ્થિત ન થાય એ માટે ગંભીરતા રાખી ખાસ નોંધ લેશો.

જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડીનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
સમગ્ર શિક્ષા,સુરત

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત

<u>નકલ સવિનય રવાના:</u>

(૧) માન.કલેકટર સાહેબશ્રી, જિલ્લા સેવા સદન, સુરત

(૨) માન.જિલ્લા વિકાસઅધિકારી સાહેબશ્રી સુરત

(૩) માન.નાયબ શિક્ષણ નિયામક પ્રાથમિક શિક્ષણ ગુજરાત,રાજ્ય ગાંધીનગર

<u>નકલ રવાના જાણ તથ અમલ કરાવવ સારૂ:</u>

(૧) બી.આર.સી. કો.ઓ. તમામ, જિ: સુરત

(૨) એજ્યુકેશન ઇન્સપેટર તમામ, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, જિ: સુરત